


**IPL 2026** આજની મેચ

GT VS CSK — સમય: સાંજે 3:30 વાગ્યે — સ્થળ: ચેન્નાઈ

LSG VS KKR — સમય: સાંજે 7:30 વાગ્યે — સ્થળ: લખનૌ

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઈન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| PBKS | 7 | 6 | 0 | 1 | 13 | 1.333 |
| RCB | 7 | 5 | 2 | 0 | 10 | 1.101 |
| SRH | 8 | 5 | 3 | 0 | 10 | +0.815 |
| RR | 8 | 5 | 3 | 0 | 10 | +0.602 |
| CSK | 7 | 3 | 4 | 0 | 6 | -0.118 |
| DC | 7 | 3 | 4 | 0 | 6 | -0.184 |
| GT | 7 | 3 | 4 | 0 | 6 | -0.790 |
| MI | 7 | 2 | 5 | 0 | 4 | 0.736 |
| LSG | 7 | 2 | 5 | 0 | 4 | -1.277 |
| KKR | 7 | 1 | 5 | 1 | 3 | -0.879 |

# પંજાબ કિંગ્સનો દિલ્હી કેપિટલ્સ સામે રેકોર્ડ વિજય

**પંજાબે** દિલ્હી સામે 265 રનના રેકોર્ડ લક્ષ્યાંકનો સફળતાપૂર્વક પીછો કર્યો

**રાહુલે** અણનમ 152 રન ફટકાર્યા

**મેચમાં** કુલ 33 છગ્ગા અને 49 ચોગ્ગા લાગ્યા



નવી દિલ્હી, તા. 25 (પીટીઆઈ): શનિવારે રમાયેલી આઈપીએલની હાઈ-વોલ્ટેજ મેચમાં પંજાબ કિંગ્સે ટી-20 ક્રિકેટના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. દિલ્હી કેપિટલ્સ દ્વારા અપાયેલા 265 રનના વિશાળ લક્ષ્યાંકને પંજાબે 6 વિકેટ બાકી રહેતા આંબી લઈને ટી-૨૦ ઈતિહાસનો સૌથી મોટો સફળ રન ચેઝ નોંધાવ્યો છે. આ જીત સાથે પંજાબની ટીમ આ સીઝનમાં હજુ પણ અજેય રહીને પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે.

અગાઉ, ટોસ જીતીને બેટિંગ કરતા દિલ્હીએ કે.એલ. રાહુલના અણનમ 152 રન (ભારતીય તરીકે સર્વોચ્ચ સ્કોર) અને નીતિશ રાણાના 91 રનની મદદથી 2 વિકેટે 264 રનનો પહાડ ખડક્યો હતો. બંને વચ્ચે 220 રનની ઐતિહાસિક ભાગીદારી થઈ હતી. જોકે, પંજાબના ઓપનરો પ્રભસિમરન સિંઘ (76) અને પ્રિયાંશ આર્યાએ (43) માત્ર 42 બોલમાં 126 રન જોડીને આક્રમક શરૂઆત કરી હતી. અંતમાં કેપ્ટન શ્રેયસ અય્યરે 36 બોલમાં અણનમ 71 રન ફટકારી 7 બોલ બાકી રહેતા પંજાબને જીત અપાવી હતી. મેચમાં કુલ 33 છગ્ગા અને 49 ચોગ્ગા વાગ્યા હતા, જે દર્શાવે છે કે બોલરો માટે આ મેચ કોઈ દુઃસ્વપ્નથી ઓછી નહોતી.

| દિલ્હી કેપિટલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| નિસંકા કો પ્રભસિમરન બો અર્શદીપ | 11 | 7 | 2 | 0 |
| રાહુલ અણનમ | 152 | 67 | 16 | 9 |
| નીતીશ કો અય્યર બો બાર્લેટ | 91 | 44 | 11 | 4 |
| ડેવિડ મિલર અણનમ | 3 | 3 | 0 | 0 |
| વધારાના | 7 | | | |
| કુલ 20 ઓવરમાં 2 વિકેટે | 264 રન | | | |

**વિકેટ પતન:** 1-28, 2-248

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | 4 | 0 | 49 | 1 |
| ઝેવિયર બાર્લેટ | 4 | 0 | 69 | 1 |
| માર્કો યાનસેન | 4 | 0 | 45 | 0 |
| વિજયકુમાર વ્યશક | 3 | 0 | 48 | 0 |
| યુઝવેન્દ્ર ચહલ | 4 | 0 | 42 | 0 |
| માર્કસ સ્ટોઈનીસ | 1 | 0 | 11 | 0 |

| પંજાબ કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| પ્રિયાંશ કો સમીર બો અક્ષર | 43 | 17 | 2 | 5 |
| પ્રભસિમરન એલબી બો કુલદીપ | 76 | 26 | 9 | 5 |
| કુપર બો કુલદીપ | 17 | 10 | 1 | 1 |
| અય્યર અણનમ | 71 | 36 | 3 | 7 |
| વઢેરા કો નાયર બો નિગમ | 25 | 15 | 3 | 1 |
| શશાંક સિંહ અણનમ | 19 | 10 | 2 | 1 |
| વધારાના | 14 | | | |
| કુલ 18.5 ઓવરમાં 4 વિકેટે | 265 રન | | | |

**વિકેટ પતન:** 1-126, 2-132, 3-145, 4-201

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| આકીબ નબી | 2 | 0 | 41 | 0 |
| મુકેશ કુમાર | 3 | 0 | 55 | 0 |
| અક્ષર પટેલ | 4 | 0 | 44 | 1 |
| ટી નટરાજન | 3.5 | 0 | 54 | 0 |
| કુલદીપ યાદવ | 4 | 0 | 46 | 2 |
| વિપરાજ નિગમ | 2 | 0 | 24 | 1 |

## રાહુલ બન્યો આઈપીએલમાં સર્વોચ્ચ સ્કોર કરનાર ભારતીય ખેલાડી

1. ભારતીય ખેલાડી દ્વારા સર્વોચ્ચ સ્કોર: રાહુલના 152* રન હવે આઈપીએલમાં કોઈપણ ભારતીય બેટ્સમેન દ્વારા બનાવવામાં આવેલો સૌથી મોટો સ્કોર છે. તેણે 2025માં અભિષેક શર્માએ પંજાબ સામે જ બનાવેલા 141 રનનો રેકોર્ડ તોડ્યો છે.
2. આઈપીએલ ઈતિહાસનો ત્રીજો સર્વોચ્ચ સ્કોર: પંજાબ કિંગ્સ સામે કે.એલ. રાહુલના અણનમ 152 રન એ આઈપીએલ ઈતિહાસનો ત્રીજો સૌથી મોટો વ્યક્તિગત સ્કોર છે.

| ખેલાડી | રન |
|---|---|
| 1. ક્રિસ ગેલ | 175* |
| 2. બ્રેન્ડન મેક્કુલમ | 158* |
| 3. કે એલ રાહુલ | 152* |

સૌથી વધુ સ્કોર કરનાર ટોચના ખેલાડી

3. કે.એલ. રાહુલ અને નીતિશ રાણા વચ્ચે બીજી વિકેટ માટે થયેલી ૨૨૦ રનની ભાગીદારી એ આઈપીએલ ઈતિહાસની બીજી સૌથી મોટી ભાગીદારી બની ગઈ છે. આ યાદીમાં પ્રથમ સ્થાને એબી ડી વિલિયર્સ અને વિરાટ કોહલી છે, જેમણે ૨૦૧૬માં ગુજરાત લાયન્સ સામે ૨૨૯ રન જોડ્યા હતા.
4. દિલ્હી કેપિટલ્સ સામે ગઈકાલની મેચમાં પંજાબ કિંગ્સે 265 રનનો લક્ષ્યાંક હાંસલ કરીને નવો ઇતિહાસ રચ્યો છે. આ આઈપીએલ ઈતિહાસનો અત્યાર સુધીનો સૌથી મોટો સફળ રન ચેઝ છે. ખાસ વાત એ છે કે, આ પહેલાનો 262 રનનો રેકોર્ડ (૨૦૨૪માં કોલકાતા સામે) પણ પંજાબ કિંગ્સના નામે જ હતો.

| ટી-૨૦માં સૌથી મોટા લક્ષ્યાંકનો સફળતાપૂર્વક પીછો કરનાર ટોચની ટીમ | | | | |
|---|---|---|---|---|
| ટીમ | લક્ષ્યાંક | રન બનાવ્યા | હરીફ ટીમ | વર્ષ |
| પંજાબ કિંગ્સ | 264 | 265-4 | ડીસી | 2026 |
| પંજાબ કિંગ્સ | 262 | 262-2 | KKR | 2024 |
| સાઉથ આફ્રિકા | 259 | 259-4 | વેસ્ટઈન્ડિઝ | 2023 |
| હીટ | 258 | 258-2 | સ્કોર્ચર્સ | 2025 |
| મિડલસેક્સ | 253 | 254-3 | સરે | 2023 |
| SRH | 246 | 247-2 | પંજાબ કિંગ્સ | 2025 |

5. પંજાબ કિંગ્સના પ્રભસિમરન સિંઘે દિલ્હી કેપિટલ્સના મુકેશ કુમારની એક જ ઓવરમાં 6 બોલમાં 6 ચોગ્ગા ફટકાર્યા હતા. આઈપીએલના ઈતિહાસમાં એક ઓવરમાં તમામ છ બોલ પર ચોગ્ગા મારનાર તે માત્ર ત્રીજો બેટ્સમેન બન્યો છે. આ અગાઉ માત્ર અજિંક્ય રહાણે (2012) અને પૃથ્વી શો (2021) જ આ સિદ્ધિ મેળવી શક્યા હતા.

# IPLની ચમક વધી, પણ ધીમી રમત પર લગામની જરૂર

ટાટા IPL જ્યારે તેના અડધા તબક્કે પહોંચી છે, ત્યારે એ સ્પષ્ટ છે કે ગયા વર્ષના ફાઈનલિસ્ટ બેંગલુરુ અને પંજાબ તેમના ત્યારના શાનદાર અભિયાનને આગળ ધપાવી રહ્યા છે અને હવે વધુ સારા દેખાઈ રહ્યા છે. રમતમાં આત્મવિશ્વાસ શું કરી શકે છે તે અકલ્પનીય છે અને તે જે રીતે ગયા વર્ષ સુધી તેમના માટે અશક્ય જણાતી બાબતોને આસાન બનાવી રહ્યા છે તેમાં જોઈ શકાય છે.

વાસ્તવમાં, આ વર્ષની IPL વિશે બધું જ પાછલા વર્ષો કરતા વધુ સારું લાગે છે. તે માત્ર ક્રિકેટ જ નથી પરંતુ તેની આસપાસનું એકંદર વાતાવરણ પણ છે. સ્વાભાવિક રીતે, હું કોમેન્ટેટરના દ્રષ્ટિકોણથી બોલી રહ્યો છું અને હોટલ, મુસાફરીનું શિડ્યુલ, બધું જ ગયા વર્ષ કરતા પણ સારું લાગે છે.

જેમાં સુધારો કરી શકાય છે તે અલબત્ત રમત પૂરી કરવામાં લાગતો સમય છે. BCCI દર વર્ષે IPL ટીમો માટે SOP લાવે છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં ઓવરો વચ્ચે ટાઈમર પણ રાખવામાં આવે છે, જેથી 60 સેકન્ડ પૂરી થાય તે પહેલા આગલી ઓવર શરૂ થઈ જાય. જો કોઈ ટીમ 2 ચેતવણીઓ પછી ફરીથી તેનો ભંગ કરે છે, તો દંડ તરીકે વિરોધી ટીમના સ્કોરમાં 5 રન ઉમેરવામાં આવે છે. આ જબરદસ્ત છે અને મોટાભાગની ટીમોએ તેનું પાલન કર્યું છે. અમ્પાયરો અને મેચ રેફરીએ ક્રીઝ પરના બેટ્સમેનો પર પણ નજર રાખવી પડે છે જેથી તેઓ આગલી ઓવર શરૂ કરવામાં વિલંબ ન કરે. હવે અહીં જ પાંચ રનનો સમાન દંડ એ સુનિશ્ચિત કરી શકે કે બેટ્સમેનો સમય બગાડે નહીં, જેના કારણે ફિલ્ડિંગ કરનાર પક્ષને દંડ ભોગવવો પડે.

જ્યારે T20 ફોર્મેટની પ્રથમ કલ્પના કરવામાં આવી હતી, ત્યારે ગ્રાઉન્ડ પર એક ઘડિયાળ હતી જે 180 મિનિટથી પાછળ ચાલતી હતી કારણ કે તે રમત પૂર્ણ થવાનો સમય હોવો જોઈએ. પછી એવો નિયમ આવ્યો કે વિકેટ પડવા અને પછીના બેટ્સમેન દ્વારા તેનો પહેલો બોલ રમવા માટે 2 મિનિટની છૂટ આપવી જોઈએ. તેથી, જો બેટિંગ ટીમ ધારો કે 5 વિકેટ ગુમાવે છે, તો તેના માટે દસ મિનિટની છૂટ આપવામાં આવે છે. તેમાં CEAT ટાયર્સ સ્ટ્રેટેજિક ટાઈમ આઉટ ઉમેરો અને રમત જો વધુ નહીં તો લગભગ એક કલાક લાંબી ચાલે છે. અહીં જ BCCI દખલ કરી શકે છે અને આપવામાં આવેલી સમયની છૂટ અંગે વધુ કડક બની શકે છે.

આજે તમામ બેટ્સમેનો ડગ-આઉટમાં હોય છે, તેથી 2 મિનિટની છૂટ ઘટાડીને એક મિનિટ કરી શકાય છે અને જો બેટ્સમેન બોલરનો સામનો કરવા માટે તૈયાર ન હોય, તો ટીમને બે ચેતવણીઓ આપ્યા પછી, દંડના રન લાગુ થવા જોઈએ. તેવી જ રીતે, સ્ટ્રેટેજિક ટાઈમ આઉટ પછીનો પહેલો બોલ બરાબર 2 મિનિટ અને 30 સેકન્ડ પૂરી થયા પછી નાખવો જોઈએ. અહીં પણ ઓવરના અંતે લેવાયેલ વાસ્તવિક સમય અને પછી અમ્પાયર દ્વારા ટાઈમ આઉટના સંકેતનો અર્થ એ છે કે બ્રેક લગભગ ત્રણ મિનિટનો હોય છે. હા, આ કાળઝાળ ઉનાળો છે અને તેથી ખેલાડીઓને ઠંડક મેળવવા અને થોડું તાજગીભર્યું પીણું લેવાની જરૂર છે, પરંતુ આનો લાભ ઉઠાવવામાં આવે છે અને ટાઈમ આઉટ બિનજરૂરી રીતે ખેંચાઈ શકે છે. ફરીથી, રનનો દંડ મોટો તફાવત લાવશે. આજે જે રકમ ઓફર કરવામાં આવે છે તેની સાથે, ટીમો માટે આર્થિક દંડ કંઈ જ નથી જેઓ સામાન્ય રીતે વ્યક્તિગત ખેલાડીના આર્થિક દંડની પણ કાળજી લે છે. જ્યાં સુધી દંડ એવો ન હોય કે જે રમતનું પરિણામ બદલી શકે, ત્યાં સુધી તે અસરકારક રહેશે નહીં. જ્યારે કોઈ ટીમને તેની ઓવરો સમયસર ન નાખવા બદલ દંડ કરવામાં આવે અને છેલ્લી ઓવર માટે 30 મીટર રિંગની બહાર એક ખેલાડી ઓછો રાખવાનું કહેવામાં આવે ત્યારે થતી ગભરામણ જુઓ. કારણ કે તે રમતનું પરિણામ બદલી શકે છે. પોઈન્ટ અથવા રનનો દંડ એ સુનિશ્ચિત કરશે કે ઓવરો વચ્ચે સમયનો બગાડ ન થાય.



**લેઈટ કટ**

- સુનિલ ગવાસ્કર

અન્ય પાસું જે સખત રીતે અસ્વીકાર્ય હોવું જોઈએ તે છે રિઝર્વ પ્લેયરનું ઓવરની વચ્ચે મેદાન પર દોડી આવવું જેથી તે કોચ અથવા કેપ્ટનની સૂચનાઓ મેદાન પરના ખેલાડીઓ સુધી પહોંચાડી શકે. રિઝર્વ પ્લેયર જે આવું કરે છે તેને ડિમેરિટ પોઈન્ટ મળવો જોઈએ ભલે તે માત્ર ડગઆઉટની સૂચનાઓનું પાલન કરતો હોય. હા, એવું બની શકે કે 14 મેચોમાં, 14 અલગ-અલગ ખેલાડીઓ મેદાનમાં દોડી આવે અને તેથી ડિમેરિટ પોઈન્ટ ખેલાડી માટે કોઈ ફરક ન પાડે પરંતુ અહીં ફરીથી જો કોઈ ટીમ માત્ર મેચમાં જ નહીં પરંતુ ટૂર્નામેન્ટમાં બે થી વધુ વાર આવું કરે તો દંડ લાદવો જોઈએ.

ઘણીવાર બિનજરૂરી દ્રશ્ય જોવા મળે છે જેમાં રિઝર્વ પ્લેયર્સ બાઉન્ડ્રી નજીકના ફિલ્ડરને પાણીની બોટલ આપવા માટે મેદાનમાં આવે છે. તેને મંજૂરી આપવી જોઈએ નહીં.

સ્ટ્રેટેજિક ટાઈમ આઉટમાં પણ, ઘણીવાર મેદાન પર અડધો ડઝન જેટલા અન્ય લોકો જોવા મળે છે જેમાં હવે પછી બેટિંગ કરવા આવનાર બેટ્સમેનો પણ હોય છે. તે સ્વતંત્રતાને હદ બહાર લઈ જવાની વાત છે. અહીં પણ પીણાં સાથેના બે રિઝર્વ પ્લેયર્સ અને કોચિંગ સ્ટાફમાંથી બે સિવાય અન્ય કોઈને મેદાન પર આવવા દેવા જોઈએ નહીં. જેમ રિચી બેનોએ મારી બ્રોડકાસ્ટિંગ કારકિર્દીની શરૂઆતમાં મને કહ્યું હતું તેમ, મેદાન એક પવિત્ર સ્થળ છે અને તેમાં ફક્ત તે જ લોકોએ પ્રવેશ કરવો જોઈએ જેઓ રમતનું સંચાલન કરી રહ્યા છે અને જેઓ રમી રહ્યા છે. આ જ કારણ છે કે જો, હું કોઈ પિચ રિપોર્ટ અથવા ટીવી શો નથી કરી રહ્યો, તો હું ભાગ્યે જ મેદાન પર પગ મૂકું છું. આશા છે કે, BCCI પણ તે સુનિશ્ચિત કરશે અને સમિતિના તમામ સભ્યો જેમની પાસે પ્રવેશની મંજૂરી છે તેઓ પણ બાઉન્ડ્રીની અંદર પગ ન મૂકે.

IPL એ એક શાનદાર ટુર્નામેન્ટ છે, પરંતુ થોડી શિથિલતા અને બેદરકારી આવી રહી છે જે ક્રિકેટ નથી અને જો હંમેશા જાગૃત રહેતું BCCI તેને વધુ ચોકસાઈભર્યું અને કડક બનાવવાના પગલાં લઈ શકે, તો આ ટુર્નામેન્ટ ખરેખર અજેય અને શાનદાર બની રહેશે.

## વૈભવ સૂર્યવંશીની ઐતિહાસિક સદી પર હૈદરાબાદનું પાણી

# SRHએ રાજસ્થાનને 5 વિકેટે હરાવ્યું

**ઈશાન** કિશન અને અભિષેક શર્માની તોફાની બેટિંગથી SRHનો આઈપીએલ ઈતિહાસનો ચોથો સૌથી સફળ રન ચેઝ

**સૂર્યવંશીએ** IPL ઈતિહાસની ત્રીજી સૌથી ઝડપી સદી ફટકારી



જયપુર, તા. 25: જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં શનિવારે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે (એસઆરએચ) રાજસ્થાન રોયલ્સ (RR) સામે 5 વિકેટે શાનદાર જીત નોંધાવી હતી. રાજસ્થાનના 15 વર્ષીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ માત્ર 36 બોલમાં આઈપીએલ ઈતિહાસની ત્રીજી સૌથી ઝડપી સદી (103 રન) ફટકારી હોવા છતાં, હૈદરાબાદના સામૂહિક બેટિંગ પ્રયાસો સામે તેનું પ્રદર્શન એળે ગયું હતું.

229 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી હૈદરાબાદની ટીમે 9 બોલ બાકી રહેતા જીત મેળવી લીધી હતી. આ આઈપીએલ ઈતિહાસનો ચોથો સૌથી સફળ રન ચેઝ હતો. ઈશાન કિશને માત્ર 31 બોલમાં 74 રનની આક્રમક ઈનિંગ રમી હતી, જ્યારે અભિષેક શર્માએ બે જીવનદાનનો ફાયદો ઉઠાવીને 29 બોલમાં 57 રન ફટકાર્યા હતા. બંનેએ બીજી વિકેટ માટે માત્ર 55 બોલમાં 132 રનની ભાગીદારી કરીને જીતનો પાયો નાખ્યો હતો. અંતમાં હેનરિક ક્લાસેન (29) અને નીતિશ કુમાર રેડ્ડીએ (36) અણનમ રહીને ટીમને લક્ષ્યાંક સુધી પહોંચાડી હતી.

રાજસ્થાન રોયલ્સે મેચમાં 8 બોલિંગ વિકલ્પો અજમાવ્યા હતા, પરંતુ નબળી ફિલ્ડિંગ તેમને ભારે પડી હતી. અભિષેક શર્માના બે કેચ છૂટ્યા હતા, જ્યારે જોફ્રા આર્ચરની બોલિંગમાં નીતિશ રેડ્ડીનો કેચ પણ બ્રિજેશ શર્માએ છોડ્યો હતો.

### વૈભવ સૂર્યવંશીનો વિક્રમ

15 વર્ષીય યુવા સેન્સેશન વૈભવ સૂર્યવંશીએ મેદાનની ચારેબાજુ ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવી હતી. તેણે પોતાની 103 રનની ઈનિંગમાં 12 છગ્ગા અને 5 ચોગ્ગા ફટકાર્યા હતા. 36 બોલમાં સદી પુરી કરીને તેણે ક્રિસ ગેલ (30 બોલ) અને પોતાની જ ગત વર્ષની 35 બોલની સદી બાદની ત્રીજી સૌથી ઝડપી સદીનો રેકોર્ડ નોંધાવ્યો હતો. વૈભવે ધ્રુવ જુરેલ (51) સાથે બીજી વિકેટ માટે 112 રન જોડ્યા હતા.

સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી કેપ્ટન પેટ કમિન્સે શાનદાર સ્પેલ નાખતા 4 ઓવરમાં માત્ર 27 રન આપી 1 વિકેટ લીધી હતી. એશાન મલિંગાએ 2 વિકેટ ઝડપી હતી.

| રાજસ્થાન રોયલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ કો ક્લાસેન બો મલિંગા | 10 | 8 | 2 | 0 |
| સૂર્યવંશી એલબી બો સાકિબ | 103 | 37 | 5 | 12 |
| ધ્રુવ કો વર્મા બો નીતીશ | 51 | 35 | 8 | 1 |
| રિયાન પરાગ બો કમિન્સ | 7 | 9 | 0 | 0 |
| ફેરારિયા કો ક્લાસેન બો મલિંગા | 33 | 16 | 3 | 3 |
| હેટમેયર કો નીતીશ બો હિંગે | 11 | 10 | 1 | 0 |
| જાડેજા અણનમ | 4 | 3 | 1 | 0 |
| આર્ચર અણનમ | 2 | 2 | 0 | 0 |
| વધારાના | 7 | | | |
| કુલ 20 ઓવરમાં 6 વિકેટે | 228 રન | | | |

**વિકેટ પતન:** 1-40, 2-152, 3-170, 4-191, 5-214, 6-225

| બોલિંગ : | O | M | R | W |
|---|---|---|---|---|
| પ્રફુલ હિંગે | 4 | 0 | 49 | 1 |
| પેટ કમિન્સ | 4 | 0 | 27 | 1 |
| એશાન મલિંગા | 4 | 0 | 38 | 2 |
| સાકિબ હુસૈન | 4 | 0 | 62 | 1 |
| શિવાંગ કુમાર | 2 | 0 | 31 | 0 |
| નીતીશ રેડ્ડી | 2 | 0 | 20 | 1 |

| સનરાઇઝર્સ હૈદરાબાદ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| હેડ કો.જુરેલ બો.આર્ચર | 6 | 5 | 0 | 1 |
| અભિષેક કો.આર્ચર બો.ફરેરા | 57 | 29 | 11 | 1 |
| ઈશાન કો.ફરેરા બો.આર્ચર | 74 | 31 | 11 | 3 |
| ક્લાસેન કો.બિશ્નોઇ બો. બ્રિજેશ | 29 | 24 | 3 | 1 |
| નીતિશ એલબીબો.બ્રિજેશ | 36 | 18 | 2 | 3 |
| સલીલ નોટ આઉટ | 8 | 3 | 0 | 1 |
| વધારાના | 18 | | | |
| કુલ 18.3 ઓવરમાં 5 વિકેટે | 229 રન | | | |

**વિકેટ પતન:** 1-7, 2-139, 3-166, 4-219, 5-220,

| બોલિંગ : | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 4 | 0 | 34 | 2 |
| નન્દ્રે બર્ગર | 3.3 | 0 | 50 | 0 |
| તુષાર દેશપાંડે | 3 | 0 | 43 | 0 |
| બ્રિજેશ શર્મા | 4 | 0 | 44 | 2 |
| રિયાન પરાગ | 1 | 0 | 12 | 0 |
| ડોનવેન ફરેરા | 1 | 0 | 14 | 1 |
| રવિ બિશ્નોઇ | 1 | 0 | 16 | 0 |
| રવિન્દ્ર જાડેજા | 1 | 0 | 11 | 0 |



# લુન્ગી એનગીડીને માથામાં ઈજા

**કેચ** પકડતી વખતે માથું અથડાયું, મેદાન પર એમ્બ્યુલન્સ બોલાવાઈ અને ગ્રીન કોરિડર બનાવી લઈ જવાયો

**જો** કે સિટી સ્કેન નોર્મલ આવતા જલદી રજા મળશે

નવી દિલ્હી, તા. 25 (પીટીઆઈ): પંજાબ કિંગ્સ સામેની મેચ દરમિયાન દિલ્હી કેપિટલ્સનો ફાસ્ટ બોલર લુન્ગી એનગીડી ઈજાગ્રસ્ત થયો છે.

પંજાબના ઓપનર પ્રિયાંશ આર્યનો કેચ પકડવાના પ્રયાસમાં એનગીડીએ હવામાં ડાઇવ લગાવી હતી, પરંતુ તે બોલનો અંદાજ મેળવી શક્યો નહીં. પરિણામે તે પીઠના ભાગે પટકાયો હતો અને તેનું માથું મેદાન સાથે જોરથી અથડાયું હતું.

ઘટના બાદ મેડિકલ સ્ટાફ તરત જ સ્ટ્રેચર સાથે મેદાન પર પહોંચ્યો હતો પણ પછી તરત જ મેદાન પર જ એમ્બ્યુલન્સ બોલાવાઈ હતી.

સાઉથ આફ્રિકાના ખેલાડીઓ ટ્રિસ્ટન સ્ટબ્સ, ડેવિડ મિલર અને કોચ હેમાંગ બદામી પણ તેની સ્થિતિ જાણવા મેદાન પર દોડી આવ્યા હતા.

એનગીડી સપોર્ટ સ્ટાફના પ્રશ્નોનો જવાબ આપતા દેખાઈ રહ્યો હતો. દિલ્હી ટ્રાફિક પોલીસે ભારે ટ્રાફિક વચ્ચે 'ગ્રીન કોરિડોર' બનાવીને માત્ર 11 મિનિટમાં તેને મેક્સ હોસ્પિટલ પહોંચાડ્યો હતો.

સીટી સ્કેન રિપોર્ટ નોર્મલ આવ્યો છે અને ન્યુરોસર્જન દ્વારા તેની તપાસ કરવામાં આવી છે. બાદમાં ટીમના સપોર્ટ સ્ટાફે જણાવ્યું હતું કે એનગીડીની સ્થિતી સ્થિર છે અને તેને ટૂંક સમયમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે. એનગીડીની જગ્યાએ વિપ્રજ નિગમ ફિલ્ડિંગ માટે મેદાનમાં આવ્યો હતો.

# KKR અને LSG માટે કરો યા મરોનો જંગ

**આજની** મેચમાં રહાણે અને પંત બંનેની કસોટી થશે

**મેચ** સાંજે 7.30 વાગ્યાથી શરૂ થશે

### મથીશા પથિરાનાનું આગમન

KKR માટે એક સારા સમાચાર એ છે કે શ્રીલંકાનો ફાસ્ટ બોલર મથીશા પથિરાના રવિવારે ડેબ્યુ કરી શકે છે. 18-કરોડમાં ખરીદાયેલો આ બોલર પોતાની યોર્કર માટે જાણીતો છે. રહાણેએ અત્યાર સુધી 20 મેચોમાં 6 જીત મેળવી છે, જ્યારે પંતે 21 મેચોમાં 8 જીત નોંધાવી છે.

લખનઉ, તા. 25 (પીટીઆઈ): આ રવિવારે જ્યારે લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) અને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) આમને-સામને થશે, ત્યારે બંને ટીમોના કેપ્ટનો–અજિંક્ય રહાણે અને ઋષભ પંત–પર સર્વોચ્ચ દબાણ હશે.

KKRએ આ સીઝનમાં 7 મેચો બાદ માંડ પ્રથમ જીત મેળવી છે, જે રિંકુ સિંહની વ્યક્તિગત બેટિંગને આભારી હતી. રહાણેની કેપ્ટન્સી અને નિર્ણયો પર સવાલો ઉઠી રહ્યા છે, ખાસ કરીને ટોસ જીતીને બેટિંગ પસંદ કરવાના તેના નિર્ણયો ટીમને ભારે પડ્યા છે. રહાણે પોતે પણ સતત બે વાર 0 રને આઉટ થઈને ફોર્મ માટે સંઘર્ષ કરી રહ્યો છે.

બીજી બાજુ, ઋષભ પંતની આગેવાની હેઠળની LSGની હાલત પણ કફોડી છે. 9 માં સ્થાને રહેલી આ ટીમે સતત 4 મેચો ગુમાવી છે. પંતે હૈદરાબાદ સામે 67 રન બનાવ્યા બાદ છેલ્લી 5 ઈનિંગ્સમાં માત્ર 72 રન જ કર્યા છે. LSG માટે એકાના સ્ટેડિયમ પણ નસીબદાર સાબિત નથી થયું, જ્યાં તેઓ છેલ્લી 24 મેચોમાંથી માત્ર 9 જીતી શક્યા છે. વિદેશી ખેલાડીઓ નિકોલસ પૂરન (73 રન) અને એડન માર્કરામ (162 રન) પણ અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શક્યા નથી.

# આત્મવિશ્વાસથી ભરપૂર ચેન્નાઈ સામે ગુજરાતનો મુકાબલો

**ચેન્નાઈ** વિજયી લય જાળવી રાખવા આતુર, ગુજરાત માટે વાપસીનો પડકાર

ચેન્નાઈ, તા. 25 (પીટીઆઈ): રવિવારે રમાનારા મહત્વના મુકાબલામાં ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) પોતાની જીતની લય જાળવી રાખવા મેદાને ઉતરશે, જ્યારે સતત બે હાર બાદ ગુજરાત ટાઈટન્સ (GT) ફરી ફોર્મમાં આવવા પ્રયાસ કરશે.

CSKએ છેલ્લી 4 માંથી 3 મેચો જીતીને શાનદાર વાપસી કરી છે. ખાસ કરીને મુંબઈ ઈન્ડિયન્સ સામે સંજુ સેમસનની સીઝનની બીજી સદીની મદદથી મળેલી 103 રનની જીત બાદ ટીમનો આત્મવિશ્વાસ ટોચ પર છે. 6 પોઈન્ટ્સ સાથે ઋતુરાજ ગાયકવાડની ટીમ પ્લેઓફની રેસમાં મજબૂત પકડ બનાવવા ઈચ્છશે.

CSK માટે અત્યારે સૌથી મોટી તાકાત તેની બોલિંગ છે. અંશુલ કંબોજ 14 વિકેટ સાથે મોખરે છે, જ્યારે અકીલ હુસેન અને જેમી ઓવરટન પણ શાનદાર ફોર્મમાં છે. જોકે, ટીમ માટે ચિંતાનો વિષય એમ એસ ધોની (પિંડીની ઈજા) અને ફોર્મમાં રહેલા આયુષ મ્હાત્રેની (હેમસ્ટ્રિંગ) ગેરહાજરી છે.

મધ્યમ ક્રમમાં શિવમ દુબે અને સરફરાઝ ખાન હજુ સુધી મોટી ઈનિંગ રમી શક્યા નથી. હૈદરાબાદ સામે પણ આસાનીથી જીતી શકાય તેવી મેચ મધ્યમ ક્રમના ધબડકાને કારણે CSKએ ગુમાવવી પડી હતી.

બીજી બાજુ, ગુજરાત ટાઈટન્સ માટે છેલ્લી બે મેચો નિરાશાજનક રહી છે. RCB સામે સાઈ સુદર્શનની સદી છતાં ટીમ હારી ગઈ હતી. કેપ્ટન શુભમન ગિલ (293 રન) અને જોસ બટલર (231 રન) સારી બેટિંગ કરી રહ્યા છે, પરંતુ મધ્યમ ક્રમ રન રેટ વધારવામાં નિષ્ફળ રહ્યો છે.

રાશિદ ખાન સિવાય સ્પિન વિભાગમાં અન્ય કોઈ બોલર પ્રભાવ પાડી શક્યો નથી. -0.790ના નબળા નેટ રન રેટને કારણે ગુજરાત અત્યારે ટેબલમાં 7 માં ક્રમે છે, જે તેમના માટે ચિંતાનો વિષય છે.

# ઈજાના કારણે કાર્લોસ અલ્કારાઝ આ વર્ષે ફ્રેન્ચ ઓપન ચૂકી જશે

મેડ્રીડ, તા. 25 (એપી): વિશ્વના બીજા નંબરના ટેનિસ ખેલાડી અને બે વખતના ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ જમણા કાંડાની ઈજાને કારણે આ વર્ષે ફ્રેન્ચ ઓપન (રોલેન્ડ ગેરોસ)માં રમી શકશે નહીં. શુક્રવારે મેડિકલ ટેસ્ટ બાદ અલ્કારાઝે સોશિયલ મીડિયા પર પુષ્ટિ કરી હતી કે તે રોમમાં યોજાનારી ઈટાલિયન ઓપન અને ત્યારબાદ ફ્રેન્ચ ઓપન બંનેમાંથી ખસી રહ્યો છે. ઈટાલિયન ઓપન 5 મેથી જ્યારે ફ્રેન્ચ ઓપન 18 મેથી શરૂ થઈ રહી છે.

આ સીઝનની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયન ઓપન જીતીને ચારેય ગ્રાન્ડ સ્લેમ જીતનાર સૌથી યુવા ખેલાડી બનનાર અલ્કારાઝ માટે આ સમય મુશ્કેલ છે. બાર્સેલોના ઓપન દરમિયાન તેને ઈજા થઈ હતી, જેના કારણે તે મેડ્રિડ ઓપન પણ રમી શક્યો નહોતો.

તેના હરીફ ખેલાડી યાનિક સિનરે પણ અલ્કારાઝની ગેરહાજરી પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે ટેનિસને તેની જરૂર છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### સરકારે નીતિ...

રહે તેવી કામના. વડાપ્રધાન નીતિ આયોગના અધ્યક્ષ છે.

લાહિરી ચાર દાયકાથી વધુની કારકિર્દી ધરાવતા ભારતના સૌથી અનુભવી અને વરિષ્ઠ અર્થશાસ્ત્રીઓમાંના એક છે. હાલમાં પશ્ચિમ બંગાળમાં ભાજપના ધારાસભ્ય એવા લાહિરી ભારત સરકારના ભૂતપૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અને ૧૫મા નાણા પંચના સભ્ય રહી ચૂક્યા છે. તેઓ રાજ્યમાં ચાલી રહેલી વિધાનસભાની ચૂંટણી લડી રહ્યા નથી. રાજુ વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય છે. કરંદીકર હાલમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST) ના સચિવ છે. ગોવર્ધન દાસ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER), ભોપાલના ડાયરેક્ટર છે અને અગાઉ તેઓ જેએનયુ, નવી દિલ્હી ખાતે સ્પેશિયલ સેન્ટર ફોર મોલેક્યુલર મેડિસિનના પ્રોફેસર અને ચેરમેન તરીકે કાર્યરત હતા. શ્રીનિવાસ નવી દિલ્હીની પ્રતિષ્ઠિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ (AIIMS)ના ડાયરેક્ટર છે.

### ઉત્તર ભારતમાં...

દિલ્હીમાં વર્ષનું અત્યાર સુધીનું સૌથી વધુ ૪૨.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જે ૨૦૨૨ પછીનું સૌથી વધુ તાપમાન છે.

હવામાન વિભાગના અધિકારીએ સ્પષ્ટતા કરી હતી કે દિલ્હી-હરિયાણા-ચંદીગઢ સબડિવિઝન માટે હીટવેવના માપદંડો પૂર્ણ થતા શનિવાર સતત ત્રીજો હીટવેવનો દિવસ હતો. ઉત્તર પ્રદેશમાં પણ સ્થિતિ ગંભીર હતી, જ્યાં બાંદામાં ૪૭.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત પ્રયાગરાજમાં ૪૫.૫ અને વારાણસીમાં ૪૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું હતું. રાજસ્થાનમાં બાડમેર ૪૫.૭ ડિગ્રી સાથે સૌથી ગરમ રહ્યું હતું. જો કે, હિમાચલ પ્રદેશમાં ૨૭ થી ૩૦ એપ્રિલ દરમિયાન વરસાદની આગાહી કરવામાં આવી છે, જેનાથી રાહત મળવાની આશા છે. કાશ્મીરમાં શનિવારે વરસાદ અને જોજિલા પાસ પર હળવી હિમવર્ષા થતા તાપમાન ૨૧.૨ ડિગ્રી સુધી નીચે ગયું હતું, જે અગાઉના દિવસ કરતા ૭ ડિગ્રી ઓછું હતું. દક્ષિણ ભારતના રાજ્યોમાં પણ આકરી ગરમી અનુભવાઈ રહી છે. કેરળમાં ઉચ્ચ સ્તરનું અલ્ટ્રાવાયોલેટ (UV) રેડિયેશન નોંધાયું છે. આંધ્રપ્રદેશમાં પણ અનેક વિસ્તારોમાં 'સિવિયર હીટવેવ'ની ચેતવણી આપવામાં આવી છે. IMDએ તેની માર્ગદર્શિકામાં બપોરના સમયે સીધા સૂર્યપ્રકાશમાં ન જવા, હાઈડ્રેટેડ રહેવા, હળવા સુતરાઉ કપડાં પહેરવા અને શારીરિક શ્રમ ટાળવાની સલાહ આપી છે. વિભાગે બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓ માટે વિશેષ કાળજી લેવા પર ભાર મૂક્યો છે.

### દેશમાં વિજળીની માગે વિક્રમ સર્જ્યોઃ ૨૫૨.૦૭ ગીગાવોટ

સખત ગરમીને કારણે એર કંડિશનર અને ડેઝર્ટ કૂલર જેવા કુલિંગ ઉપકરણોનો વપરાશ વધતા, પાવર મંત્રાલયના નવીનતમ ડેટા મુજબ શુક્રવારે ભારતની વીજળીની માગ ૨૫૨.૦૭ ગીગાવોટના રેકોર્ડ સ્તરે પહોંચી હતી. અગાઉ મે ૨૦૨૪માં ૨૫૦ ગીગાવોટની મહત્તમ માંગ નોંધાઈ હતી.

### ઈરાનના વિદેશ મંત્રી...

મંત્રણાને લગતી બાબતો પર ચર્ચા કરી હતી. ઈરાની પ્રતિનિધિમંડળે ત્યારબાદ વડાપ્રધાન શહબાઝ શરીફની મુલાકાત લીધી હતી અને બંને પક્ષોએ દ્વિપક્ષીય બાબતો તેમજ પ્રાદેશિક વિકાસની સમીક્ષા કરી હતી, તેમ ઈરાની દૂતાવાસે જણાવ્યું હતું. પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઈશાક ડાર અને આર્મી ચીફ મુનીર પણ આ બેઠકમાં હાજર હતા, જ્યાં બંને પક્ષોએ પ્રાદેશિક સ્થિતિ પર ચર્ચા કરી હોવાનું વડાપ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું. બાદમાં મળેલા અહેવાલ મુજબ ઇરાનના વિદેશ મંત્રી દિવસભરની બેઠકો પછી પાકિસ્તાનથી રવાના થઇ ગયા છે. અરાઘચી ઓમાન અને રશિયાનો પ્રવાસ પણ કરશે. ઈસ્લામાબાદ રવાના થતા પહેલા શુક્રવારે અરાઘચીએ કહ્યું હતું કે તેઓ ઈસ્લામાબાદ, મસ્કત અને મોસ્કોના પ્રવાસે જઈ રહ્યા છે અને તેનો ઉદ્દેશ્ય ભાગીદારો સાથે દ્વિપક્ષીય બાબતોમાં સંકલન સાધવાનો અને પ્રાદેશિક વિકાસ પર પરામર્શ કરવાનો છે. જેવા ઈરાની પ્રતિનિધિઓ ઈસ્લામાબાદ પહોંચ્યા, વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે મધ્ય પૂર્વ માટેના અમેરિકી વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સલાહકાર જેરેડ કુશ્નર ઈરાની પ્રતિનિધિમંડળ સાથે સીધી વાતચીત કરવા માટે શનિવારે પાકિસ્તાન રવાના થશે. જો કે, અમેરિકી ટીમનો પ્રવાસ બાદમાં રદ થયો હતો.

### આઈએમડીએ હીટવેવ...

કલાકો દરમિયાન), પૂરતા પ્રમાણમાં હાઇડ્રેટેડ રહેવા (પાણી પીતા રહેવા) હળવા અને હવાઉજાસવાળા કપડાં પહેરવા અને વધુ તાપમાનના સમયગાળા દરમિયાન સખત આઉટડોર પ્રવૃત્તિઓ ટાળવાનો સમાવેશ થાય છે. આઈએમડીએ બાળકો, વૃદ્ધો અને અગાઉથી સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતી વ્યક્તિઓ જેવા સંવેદનશીલ જૂથો માટે વિશેષ કાળજી લેવાની સલાહ આપી છે.

### પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે...

પત્તા વોશિંગ્ટન પાસે છે. ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને જણાવ્યું હતું કે, જ્યારે ઈરાન સાથેના સંઘર્ષમાં અમેરિકા પાસે તમામ નિયંત્રણ હોય, ત્યારે યુએસ પ્રતિનિધિમંડળ માટે પાકિસ્તાન સુધીની ૧૮ કલાકની ફ્લાઈટ લેવી યોગ્ય નથી. તેમણે ઉમેર્યું હતું કે ઈરાનીઓ ઈચ્છે ત્યારે ગમે ત્યારે અમેરિકાને ફોન કરી શકે છે.

ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને કહ્યું, મેં થોડા સમય પહેલા જ મારા માણસોને કહ્યું હતું કે તેઓ જવા માટે તૈયાર થઈ રહ્યા હતા, અને મેં કહ્યું, 'ના, તમે ત્યાં જવા માટે ૧૮ કલાકની ફ્લાઈટ નહીં કરો. તમામ પત્તા આપણી પાસે છે. તેઓ આપણને ગમે ત્યારે ફોન કરી શકે છે, પરંતુ તમે કશું જ પરિણામ ન મળે તેવી વાતચીત કરવા માટે ૧૮ કલાકની ફ્લાઈટ્સ નહીં કરો'. ટ્રમ્પની આ ટિપ્પણી ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી શનિવારે પાકિસ્તાનના ટોચના નેતૃત્વ સાથે મુલાકાત કર્યા બાદ ઈસ્લામાબાદથી રવાના થયા પછી આવી છે.

તેમના પ્રસ્થાન સાથે આ અઠવાડિયે ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાની પ્રતિનિધિમંડળો વચ્ચે બીજા રાઉન્ડની મંત્રણાની શક્યતા પૂરી થઈ ગઈ છે. અરાઘચી, જેઓ વડાપ્રધાન શહબાઝ શરીફ, આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓને મળ્યા હતા, તેઓ હવે તેમના ત્રણ દેશોના પ્રવાસના બીજા તબક્કામાં ઓમાન જવા રવાના થયા છે.

### જે.ડી. વાન્સને...

મંત્રણાના પ્રથમ રાઉન્ડનું નેતૃત્વ કર્યું હતું જે નિષ્ફળ રહ્યું હતું, તેઓ વાટાઘાટોના બીજા રાઉન્ડમાં હાજર રહેશે નહીં. તેમણે નોંધ્યું હતું કે જો શાંતિ વાટાઘાટો ગંભીર બનશે તો જ ઉપપ્રમુખ પાકિસ્તાન જવા માટે 'સ્ટેન્ડબાય' પર રહેશે. સાથે જ તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ કોઈ પ્રમુખ ટ્રમ્પ દ્વારા ઉપપ્રમુખને બાજુ પર રાખવાનો મામલો નથી. ગઈકાલે રાત્રે એક નિવેદનમાં લેવિટે કહ્યું: સ્ટીવ અને જેરેડ આવતીકાલે ઈરાનીઓનો પક્ષ સાંભળવા માટે પાકિસ્તાન જશે.

### ભારતમાં વીજળીની...

પાવર મંત્રાલયના ડેટા દર્શાવે છે કે, દેશની પિક પાવર ડિમાન્ડ (દિવસ દરમિયાનનો સૌથી વધુ પુરવઠો) 24 એપ્રિલના રોજ 252.07 ગીગાવોટ નોંધાઈ હતી, જે અત્યાર સુધીનો સર્વોચ્ચ આંકડો છે. આ અગાઉ 23 એપ્રિલ, 2026ના રોજ માંગ 240.12 ગીગાવોટ અને 22 એપ્રિલના રોજ સૌથી વધુ વીજ પુરવઠો 239.70 ગીગાવોટ નોંધાયો હતો. પાવર મંત્રાલયે અગાઉ આ વર્ષની ઉનાળાની સીઝન માટે 270 ગીગાવોટ પિક પાવર ડિમાન્ડનો અંદાજ મૂક્યો હતો.